D.F.A

નં.ટીપીડી/
તા. / /૨૦૧૧

પ્રતિ,
શ્રી આઈ.પી. ગૌતમ, આઈ.એ.એસ.
અગ્રસચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
૯ મો માળ, બ્લોક નં. ૧૪, સચિવાલય,
ગાંધીનગર.

**વિષયઃ**—ટી.પી.સ્કીમ સુરત નં.૬૨(ડીંડોલી—ભેદવાડ—ભેસ્તાન) અને ટી.પી.સ્કીમ સુરત નં.૬૮ (પુણા—સીમાડા)ને ડ્રાફટ ટી.પી.સ્કીમ તરીકે મંજુરી મળવા બાબત.
**સંદર્ભઃ**—(૧)અત્રેનો પત્ર ક્રમાંકઃટીપીડી/આ/૬૯૩, તા.૦૭—૦૫—૨૦૧૦
(૨)અત્રેનો પત્ર ક્રમાંકઃટીપીડી/આ/૬૯૩, તા.૦૭—૦૫—૨૦૧૦

શ્રીમાન,

સુરત મહાનગરપાલિકા ધ્વારા ટી.પી.સ્કીમ સુરત નં.૬૨(ડીંડોલી—ભેદવાડ—ભેસ્તાન) અને ટી.પી.સ્કીમ સુરત નં.૬૮ (પુણા – સીમાડા)ને ડ્રાફટ ટી.પી.સ્કીમ તરીકેની મંજુરી અર્થે અનુક્રમે તા.૦૭—૦૫—૨૦૧૦ અને તા.૨૯—૧૧—૨૦૦૮ ના પત્રોથી સરકારશ્રીમાં સાદર કરેલ છે.

સુરત શહેરમાં નાના વરાછા, પુણા વિસ્તારને બમરોલી, વેસુ થઈને મગદલ્લાને જોડતા તેમજ પરવટ—ડીંડોલી જેવા વિસ્તારમાંથી પસાર થતા મિડલ રીંગરોડના આયોજનના ભાગરૂપે સુરત—ભુસાવલ રેલ્વે લાઈન ઉપર બ્રીજનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. જે બ્રીજનાં આયોજન માટેની લાઈનદોરીમાં અસર થતી જગ્યાનો કબ્જો લેવાનો જરૂરી છે. આ દરખાસ્ત ઉકત ટી.પી.સ્કીમ સુરત નં.૬૨(ડીંડોલી—ભેદવાડ—ભેસ્તાન)માં સુચિત કરવામાં આવેલ છે. જેથી, સદર સ્કીમને ડ્રાફટ ટી.પી.સ્કીમ તરીકેની મંજુરી મળ્યેથી તેનો અમલ કરી શકાય તેમ છે. આ બાબત ખુબ જ અગત્યની હોય, આ સ્કીમને તાકીદે મંજુરી મળે તે હિતાવહ છે.

સુરત શહેરમાં સુચિત બી.આર.ટી.એસ.પ્રોજેકટ માટે કેનાલ કોરીડોરને સરથાણાની સાથે જોડતા ૪૫.૦૦ મીટરના રસ્તાનો કબજો મેળવવો જરૂરી છે. આ દરખાસ્ત ટી.પી.સ્કીમ સુરત નં.૬૮ (પુણા – સીમાડા) માં સુચિત કરવામાં આવેલ છે. જેથી, સદર સ્કીમને ડ્રાફટ ટી.પી.સ્કીમ તરીકેની મંજુરી મળ્યેથી તેનો અમલ કરી શકાય તેમ છે. જેથી, આ સ્કીમને પણ તાકીદના ધોરણે મંજુરી મળે તો બી.આર.ટી.એસ. પ્રોજેકટનો તાકીદે અમલ કરી શકાય તેમ છે.

ઉપરોકત બંને હેતુસર સદરહુ ટી.પી.સ્કીમ સુરત નં.૬૨(ડીંડોલી—ભેદવાડ—ભેસ્તાન) અને ટી.પી.સ્કીમ સુરત નં.૬૮ (પુણા – સીમાડા)ને તાકીદે સરકારશ્રી કક્ષાએથી ડ્રાફટ ટી.પી.સ્કીમ તરીકેની મંજુરી મેળવી આપવા વિનંતી છે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા

D.F.A.

1\g\TPD\Supervisor\THAKUR/LETTER-COM/21